શ્રી ગણેશાય નમઃ

ભજનાવળી.

જેની અંદર સ્વર્ગની નીસરણી, સીતાજીના, મહીના, કેલઇયો, કાચબા કાચબીનું ભજન.

યોજી છપાવી પ્રસિદ્ધ કર્તા,

બુકસેલર મંગળદાસ જોઈતારામ.

રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી.   પ્રત ૪૦૦૦

સંવત ૧૯૭૭   સને ૧૯૨૧

શા. પોપટલાલ અંબાલાલભાઈએ છાપ્યો. શ્રીજૈન વિદ્યા-વિજય પ્રેસ રીચીરોડના પુલ નીચે અમદાવાદ ૧૧૬.

કીમત ૦—૧—૦.

૬૨। # ભજનાવળી.

સ્વર્ગની નીસરણી.

તેં ધનરે આજે ધારણુ ધરીયાં,
દયા કરીને મંદીર આવોરે રામ. ૧

ધરમરાજા ધરમપુરીમાં બેઠા.
વૈશ્નવની વારતા કરોરે રામ. ૨

પાપી પાખંડીને બાંધીને લાવો,
વૈશ્નવની રક્ષા કરજોરે રામ. ૩

એમ કરીને ચાર જમડારે ચાલ્યા,
મૃત્યુ લોકમાં આવ્યારે રામ. ૪
પાપી પાખંડીને કેમ ઓળખીયે,
વૈશ્નવ જન કેમ ઓળખીયેરે રામ. ૫
સવારના પહોરમાં નહાવુંને ધોવું
પુન્ય ને દાન કાંઇ કરવારે રામ. ૬
એ એંધાણીએ વૈશ્નવ જાણવા.
પાપી ચંડાળ બાંધી લાવોરે રામ. ૭
એમ કરીને ચાર જમડા ચાલ્યા,
રાજાના હાડમાં પેઠારે રામ. ૮

પહેલોરે કહે છે હું તો તાવજ થઇશ,
રાજાના હાડમાં પેસુંરે રામ. ૯
બીજોરે કહે છે હું તો વૈદજ થઇશ,
રાજાની નાડીઓ જોઉરે રામ. ૧૦
ત્રીએ કહેછે હુંતો જોશીરે થઇશ,
રાજાના જોશ જોઉ રે રામ. ૧૧
ચોથોરે કહે છે હું તો શેઠીઓ થઇશ,
બજારે હાટ કાઢી બેસુરે રામ. ૧૨
એમ કરીને ચાર જમડારે ચાલ્યા,
રાજાનાં હાડમાં પેઠારે રામ. ૧૩
રાજાની દાસી તો વૈદ પોકારે,
વૈદના વૈદ બોલાવોરે રામ. ૧૪
મંછારામ વઇદ તમે અહીંજ આવો,
રાજાની નાડીએ જુઓરે રામ. ૧૫
તાવજ તરીઓ ને એકાંતરીઓ,
ચોથીઓ જામર ન જાણુંરે રામ. ૧૬
એમ કરીને એક પડીકી આપી,
ત્યાં ને ત્યાં ઘડીના થયારે રામ. ૧૭
સગાં વ્હાલાં સરવે ટોળે થઇ બેઠા,
અંતરનાં સગાં સોડમાં પેઠારે રામ. ૧૮
જીવ જતાં એનો કોઇએ ન જાણ્યો;
પલકમાં દેહજ પડીઓરે રામ. ૧૯

લીલુડા વાંસની પાલખી બંધાવે,
ઉચકનારા ચારરે રામ. ૨૦

ચાર જણા એની સાથે ચાલે,
પુરૂષે પાલખ લીધીરે રામ. ૨૧

ચકલા સુધી એને સરવે વળાવે,
વ્હાલાં વળાવી પાછાં વળીયાંરે રામ. ૨૨

પાછું વાળીને પ્રાણી શું જુઓ છો,
ક્યારે ગયાં સગાં વ્હાલાંરે રામ. ૨૩

વ્હાલા વળાવી તારાં પાછાંરે વળીઆં,
વ્હાલી તે વન કેરી કાઠીરે રામ. ૨૪

પહેલે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયાં,
બીજે પગથીએ ભાલા દીઠારે રામ. ૨૫

આરે ભાલામાં હવે કેમરે ચલાશે,
હવે તો શી ગતો થાશેરે રામ. ૨૬

ભાલા દેખીને પ્રાણી થર થર કંપ્યા,
ધુસકે ધુસકે રોવા બેઠારે રામ. ૨૭

ભલો જમડો જીવને ફરી ફરી પુછે,
શારે કર્યાં પુન્યને દાનરે રામ. ૨૮

નથી કર્યાં પુન્ય મેં તો નથી કર્યાં દાન,
દયાનો માર્ગ ભુલી ગયોરે રામ. ૨૯

હુંરે શું જાણું આગળ વિપત્ત પડશે,
જમડા તો માર ઘણો મારેરે રામ. ૩૦

લોઢાની બેડીઓ વતી પ્રાણીને મારે,
ખરકાને ભુમો ત્યાં પાડેરે રામ, ૩૧
બીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયાં,
ત્રીજે પગથીએ ગોખરૂ દીઠારે રામ. ૩૨
આરે ગોખરૂમાં હવે કેમરે ચલાશે,
હવે તો શી ગતો થાશેરે રામ. ૩૩
જોરે જોડાના દાન કર્યાં હોય તો,
પ્રાણીને પાર ઉતારોરે રામ.
જોરે જોડાનો અનુગ્રહ આલ્યો હોય તો,
કે'ને ભાડે આણી આપુંરે રામ. ૩૫
ફરી ફરી મને શુંરે પુછોછો,
નથી કર્યાં પુન્યને દાનરે રામ. ૩૬
ભલા તે જમડાને દયારે આવી,
જુનો જોડો એને આલ્યોરે રામ. ૩૭
ભુંડા જમડાની નજરે પડયો તો,
થોણા મા ખુંચી લીધોરે રામ. ૩૮
દૈવના ચોર તારે કોઇ હતા કેને
ઉત્તમ કેડીઓ તમને આલીરે રામ. ૩૯
ફરી ફરીને હવે મનખો નહી આવે,
લક્ષ ચોરાશીમાં પડશોરે રામ. ૪૦
ત્રીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીઆ,
ચોથે પગથીએ ભુખો લાગીરે રામ. ૪૧
આરે ભુખોમાં હવે કેમ ચલાશે,
હવે તો શી ગતો થાશેરે રામ. ૪૨

ઓ પેલા ઓ પેલા ભંડાર ભરીયા,
તેમાંથી શેર અન્ન આપેરે રામ. ૪૩

એકસોને બે વરસ સુધી કમાયો,
ઉખલે બરડે બાળુંરે રામ. ૪૪

લક્ષાધીપતીરે ભાઇ જેરે કહેવાતો,
વહાણો જેને ઘેર ચાલેરે રામ. ૪૫

તેમાં કાંઇ તારે હાથે આપ્યા હોય તો,
તે તારી સાથે આવતરે રામ. ૪૬

ચંબુ ઝારીઓ તારી જોરેરે મેલશે,
ખોખરી દોણી સાથે આવેરે રામ. ૪૭

ચોથે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા,
પાંચમે પગથીએ રૂધીર દીઠારે રામ. ૪૮

આરે રૂધીરમાં હવે કેમરે ચલાશે,
હવે તો શી ગતો થાશેરે રામ. ૪૯

જોરે ગાયોનાં દાન કર્યાં હોય તો,
તરીને પાર ઉતારેરે રામ. ૫૦

નથી કર્યાં પુન્ય મેં તો નથી કર્યાં દાન,
દયાનો આરંભ ભુલી ગયોરે રામ. ૫૧

પાંચમે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા,
છઠે પગથી થંભ દીઠારે રામ. ૫૨

આરે થંભે પ્રાણીને બાથ ભીડાવો,
અડધ બળ્યો અડધ રહ્યોરે રામ. ૫૩

બાઈરે વૈમાનં તારાં ઉભાંરે રામ.
તો તે શા કરીયાં પુન્ય દાનરે રામ. ૫૪

ઉનાળે જેને પરબો મંડાવી,
ચોમાસે આપ્યા વિશ્રામ ઠામરે રામ. ૫૫

શીયાળે ડગલા ડોટીઓ આપી,
ભુખ્યાને ભોજન આપ્યાંરે રામ. ૫૬

બાહ્મ શ્રવણને મેં તો સીધાંરે આપ્યાં,
તેને પુન્યે વિમાન મળીયાંરે રામ. ૫૭

છઠે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીઆ,
સાતમે પગથીએ કુંડ દીઠારે રામ. ૫૮

ચોરે બેસીને જેણે ચાડીઓ કીધી,
જુઠી સાખ્યો ઘણી પુરીરે રામ. ૫૯

એરે પ્રાણીને પેલા કુંડમાં નાખો,
એની તો શી ગતો થાશેરે રામ. ૬૦

કાન ખજુરા એના કાનમાં પેસે,
કાળીઆ આખ્યો કોચેરે રામ. ૬૧

સ્વર્ગ નીસરણીનાં સાત પગથીઆં,
ગાય શીખેને જે કોઇ સુણેરે રામ. ૬૨

ભટ પ્રેમાનંદ એમજ કહે,
વૈકુંઠ તેનો વાસરે રામ. ૬૩

સીતાજીના મહીના.

સખી બેસતાં કારતક માસ કે કંથ સીધાવીયાં; અતી ટાઢ કરે ચમકાર શીયાળો આવીયો. સખી મુને નાખી ગયો નીરધાર, મને મુકી પરવર્યો; વધીને થઇ વેરણુ રાત કે જાય ન જીવડો.

સખી માગશરે મદ જાય બાળાપણુ દોહલું; જેના પીયુ ગયા પરદેશ સુખ નહી સોહલું; સખી સુની સુવાની સેજ સુના ઘર ઓરડા; જેના પીયુ ગયા પરદેશ તેના દીન દોહલા.

સખી પોષ માસપર ભુમી પોતાની સાંભળે; સીતા ઝુરે એકલડાં અંય ઉગ્યો દુખડાં ભરે. સખી કોઇ આવે કોઇ જાય સંદેશા નાથને; હજી કાગળ ન આવ્યો કાંઇ હરીના હાથનો.

સખી આવ્યો માઘ માસ સજ્જન મને સાંભરે; એવો હીમાળાનો વાય દેહ મારી થરથરે. સખી પોતાના દીલની વાત કોની કને બોલીયે; જીવ જોડ્યો રામની સાથ અવરથું ન બોલીએ.

સખી ફાગણે ફુલ્યાં ફુલ કે તરૂ તમામનાં; પંથ પેહજી વસે નહી પાસ ફુલ શા કામનાં, રૂડા ગયા વસંતના રાગ હોળી આવી ઢુંકડી; જેને વ્હાલા તણો વિજોગ શેના ભાવે સુખડી.

સખી પીપળ આવ્યા પાન નાથ નવ આવીયા; એવી રીતે પાંચે માસ પીડાથી ગુમાવીયા. સખી ચઇતરે ચાર ચીત ચીંતાતુર ચાલતું; ના આવ્યો કાગળ કટકો એક સંકટ બહુ સાલતું.

સખી વઇશાખે વીપરીત વાત કીસત હારી ના ટકે; પાકી વનમ સાખ ને દ્રાખ સુડા માંહી સાહકે. સખી ઉનાળે લુ વાય ગમન અંગમાં ઝરે; હોય નાથ [illegible] ઝુરી ઝુરી તે મરે.

સખી જેઠે-અમ્બરની આભ સરોવર ઝીલતાં, નીજ પીઉ જતાં પરદેશ ઘેર એ નથી ખીલતાં. સખી નાથ વીના નાહી ધોઇ અંએડા શું વાળીએ; વીના વપુ શણગાર સકળ હવે ટાળીએ.

સખી આવીયો, અષાડ માસ વધી જળ બળ બહુ કરે; બોલે બપઇયા પેઉ પેઉ બોલ અજંપો અતી કરે. સખી ઘોર અંધારી રાત દમકતી દામની; સુના ધણી વગરના ધોળ સેજે શા કામની.

સખી ભરીયાં સરોવર નીર શ્રાવણ વરસે સરવડે, મારાં ભીજાયાં નવરંગ ચીર આંખોથી આંસુ પડે સખી પોતાના પેઉ શું પ્રીત કરીને પાળીએ; બીજા નીચ જનોથી તેહ તુરત નેહ ટાળીએ.

સખી ભાદરવે ભરથાર ઉરે અભીલાખીએ; પકવાન અન્ન વીવીધ નથી નથ કહો કેમ ચાખીએ. સખી દુ:ખના દશ વીસ આગેર ઠેલીએ ના; એવાં વિઘ્ન પડજો લાખ લાખ માયા નવ મેલીએ,

સખી સાંભળ્યું આસો માસ પથ્થર રામે તારીઆ; સાગર ઉપર બાંધી પાજ વાંદરને ઉતારીયા. રોળી નાંખીઓ રાવણરાય સીતા ઘેર લાવીયા; અતી વરત્યો જયજયકાર અયોધ્યામાં આવીયા. આવી ભરત શત્રુઘન લેઇ ભેટ્યા સહુ ભાઇને રામૈઓ હરીનો દાસ; સંભળાવે ગાયને નરનારી શીખે સુણે ગાય તેને સુખ સહુ મળે. ભાગે ભવની ભાવટ સર્વ સુકૃત રહેજો હળે. કૃપા માઇને બારે માસ બોલો જય રામના, ઘોતે શ્રીહરી આપ સમરથ પુરે મન કામના.

અથ શ્રી કહલાશ પ્રારંભ.

શેઠ સગાળશા સાધુને સેવે વાણીઓ પાળે વરત,
ન મળ્યા સાધુ ને રશા અપવાશી તારવાને આવ્યો તરત·
કૃષ્ણજી કુડીયા થઇનેરે વેશ અતીતનો લઇનેરે,
ચંગાવતીએ ચરણામૃત લીધાં નવરાવી નાથ,
પલંગ ઉપર પધરાવીને સ્વામી કીધા સંગાથ.
ખાંતે ભોજન ખીરનાં કીધાંરે, પીરશીને આગળ દીધાં.
ખીર રોટલી અમે જમતા નથી નથી અન્નનો આહાર,
બ્રાહ્મન લોક અમે માંસના અહારી એમ બોલ્યા કીરતાર;
પાળો વચન બોલ્યા આવુંરે સમજી લેજો સાધુ.
કસાઇવાડે જઇ કરીને છુપાવી લાવ્યામાંસ,
ચંગાવતીએ રસોઇઓ સુધારી, પીરસીયો પ્રસાદ;
વાયુ ઢોળે નરને નારીરે જમો તમે દેવ મોરારીરે.
અમેરે માટી માણસની જમીએ, પર માટી ન પ્યાર,
અઘોર પંથમાં રહેવું અમારે ખેલ ખાંડાની ધાર;
વાણીડા વર્તજ ફળશેરે આવી અવીનાશી મળશે.
માગ્યું વેચાથી માણુસ ન મળે, હઇએથી નહી હાર.
માત પીતાએ પરીયાજી કીધાં, કેલૈઓ સંહાર,
વાતો તો રહેશે વીશેક કેલૈઆ, લાવને લેખે.
જાણુતો ગણુતો ભાગ્ય કેલૈઆ, માન હમારી પ્રતીત,
માત પીતા તારા મારવા બેઠા આંગણે આવ્યો અતીત,
ધુતારો ધુતી જાશે રે પછી પસ્તાવો થાશેરે,
એ શું બોલ્યા ગુરૂજી આભાસ ભાવીતર છોડયા કેમ જાય.

નવ માસ જેણે ઉદર રાખ્યો, મુણ એથીગણુ થાય,
ભક્તિ મારી શીરને સાટેરે, શું થશે મસ્તક માટે.
હું ભાગું તો બેમી લાજે બોરીંગ ના કીધે ભાર,
મેરૂ શરીખા ડોલવા લાગે આંકાશને આધાર;
મેહેરામણ માઝા મુકેરે કેલૈયો સત્ય ન ચુકે
રજારે લઈને ત્યાંથી કેલૈયો આવ્યો પોતાને આવાસ
માતાએ મુખનાં મીઠડાં લીધા નાખીને નીશ્વાસ,
આવતો ફરમાં લીધોરે, મારવાનો પરીયાણ કીધો.
એ શું બોલ્યાં માતાજી અમારાં નાખી નીસાસો આજ,
સફળ મનખો કેલૈયાનો માંસ જમે મહારાજ;
ધન્ય ધન્ય આજનો દહાડોરે, જુગતેથી જીવણને જમાડો.
માત પીતાએ બને મળીને છેદયું કેલૈયાનું શીષ,
અણુઘટતી તો એણે કીધી જમાડવા જુગદીશ;
ખેલ રચ્યો ખરોરે પ્રભુ હવે પારણું કરો.
નાથ કહે મારી નજરે લાવો, પુત્ર તમારો છે એહ.
મુસ્તકની તમને માયા લાગી છે એમ અવિનાશી કેહ;
તમે છો નર નામરે જુવો મન વાત વીચારીરે.
ખાંડણું ખાડો મુખેથી હસો, કોરા પાથર પેર,
આંખમાં તમે આંજણાં આંજો, મનમાં ન આણો મેહેર;
તમે છો સાચા સતીરે, એમ બોલ્યા જુના જતી,
મુસ્તક લઈ ખાંડણીઆમાં ખાંડે પીતાને વળી માય,
આંખ્યોમાં એમને આંસુ ન આવે, હરખે હાલરડાં ગાય;
ભોજનીઆં તો ભાવશું કીધારે પીરસીને આગળ દીધા,

સત્યવાદી તમે સાચાં સતી, સત્ય અમારે છે એહ,
વાંઝીઆનું અમે 'જમતા' નથી, એવું 'અવિનાસી' કેહ;
તમે છો નરને નારી, જુએ, મન વાત વીચારી.
શગાળશાના મનમાં ચોરી, બીજું ન મળે બાળ,
ભગવાન અહીંથી ભુખ્યા જાય તો નીશ્ચે ખુટચો કાળ;
બંદગીઓ તો સંતની કરીએ, નીકર વણુ માર્યા મરીએ,
શગાળશા કહે પૂર્વ જન્મનાં પ્રગટયાં અમારા પાપ,
ગુરૂ દુભાએ ગોતેરી માર્યાં મારેલાં માને બાપ;
ડુંગરીએ દત લગાડચો, તે તો મારો ખેલ બગાડચો,
ચંગાવતી કહે પાંચ મહીનાનું મ.રે છે ઓધાન,
ભલે આવ્યા સ્વામી ભાવે અમારા તમ સરખું કામ;
ધણી મેં તો તમને ધાર્યારે, તમે મારા ખેલ સુધાર્યા,
ચંગાવતીએ છરી લીધી પાળી મારી પેટમાંય,
અચાનક નાઠા ઉઠીને બહુ નામીએ ઝાઝી બાંય;
સાચી છે ટેક તમારી, માગો હવે દેવ મોરારી.
કેલૈઆને સજીવન કીધો, બેટો રમે છે બહાર,
પછી સતી બોલ્યાં વીચારી સુંદર દેજો ભક્તિ તમારી.
ભણતો ગણતો આવ્યો કેલૈયો લાગ્યો હરીને પાય,
માતાએ મોતીડે વધાવ્યો, હઈયે હરખ ન માય;
દાતારે તો દરશન દીધાંરે લ્હાવા લાખેણા લીધા.
શગાળશા શેઠ ચંગાવતીએ એવું ધરાવેલ નેમ,
ભાણુ પ્રતાપે ભણે રાત રતનદાસ તરછોડીએ કેમ;
મોહનજી મળવાને માટેરે, જાવું વૈકુંઠની વાટે,

ઈતિશ્રી કેલૈયો સંપુર્ણ.

કાચબા કાચબીનું ભજન.

કાચબો અને કાચબી, એતો હતાં હરીનાં દાસ,
દરશન કારણે બારણે આવીયાં રાખીને વીશ્વાસ,
આવતાં નજરે ભાળ્યાં ઝાલીને બાંધી માર્યાં;
કળ કળમાં તુ કાચબી કુડી, રામૈયાની રીત છે રૂડી. ૧

કાચબો કહે છે કાચબીને ભુડી, તું ધારણ રાખ ધીર,
આપણને ઉગારસે વાલો જુગતે જાદવવીર,
ચીંતા મેલી શરણે આવો, મરવા નહી દે માવો. ૨

વારે વારે તુને વારતી કંથ મારૂં ન માન્યું કેણુ,
કાળ આવ્યો કોણ રાખશે તમે નીચાં શું ઢાળો નેણુ,
પ્રભુ તારો નાવીયો પ્રાણી, માથે આવી મોત નીશાની. ૩

અબળાને ઈતબાર ન આવે કરે કોટી ઉપાય,
કીધું ન માને કોઈનું ગાયું પોતાનું ગાય;
એવી વીશ્વાસની વાણી, પ્રથમ પહેલી મત છે પાની. ૪

કાચબી કહે કયાં ગયો તારો રાખણ વાલો રામ,
પ્રાણ ગયા પછી પહોંચશે, શું કરશે તારો રામ;
મુવા ટાણે મતી મુંઝાણી, તુટયા પછી ઝાલવું તાણી. ૫

ત્રીકમજી ત્રણ લોકમાં મારે તમારો છે નિશ્વાસ,
અટક પડે ત્યારે આવજો મારા આતમના આધાર,
ભોજાબાજી વાત છે છેલ્લી, થાજો અબળાના બેલી. ૬

ત્યારે કાચમી કહે કોણ ઉગારે, તારો જાતો રહ્યો જુગદીશ,
ચાર દીવસથી સળગાવી આં, લાહ્નને ઓરયા વીચોવીચ;
આમાંથી જો ઉગરીએ, પાણી બહાર પગ ન ભરીએ. ૭
બળતી હોય તો બેસ મારી પીઠ પર રાખું પ્રાણ,
નીંદા કરે છે મારા નાથની, એનો મારે છે મુજને બાણ;
વાલો મારો આવશે વારૂ, આપણુને ઉગારવા સારૂ. ૮
કાચબી કહે કીરતાર ન આવ્યા, અને આપણો આવ્યો અંત,
હરી નથી કોના હાથમાં તમે તે શું બાખ્યો તંત;
જેનો વીશ્વાસ છે તારે તેનો ઇતબાર નહી મારે. ૯
વીઠલજી મારી વારે ચડજો શામળા કરજો સાર,
લાજ લોપાશે લોકમાં પછી બીજી કોની વાર;
હરી મારી હાંસી થાશે; પ્રભુ તારી પતીન જાશે
ત્યારે કેશવજીએ કરૂણા કરી મોકલ્યો મેઘ મલ્હાર,
આધાણમાંથી ઉગારીયા બોલ્યા કાચબાને કીરતાર,
ભોજલ કહે ભરૂસો જેને, ત્રીકમજી તારસે તેને. ૧૧

સુંદરીના મહિના.

આવ્યો કારતકનેરે ટાઢડી ચમકી, ને પેહડે માંડયા પરીયાણ ઘડામાં કારતક લોલુ, વ્યાપિને વાલમીએ પુરેલું વાણ વાલમાએ પુરયા વાણ, તે વાણાં. ઝરે નેણાંને નીતરે પાણી એમ સેજ સાંભળી સુંદરી સતી, આવ્યો કારતક રે ટાઢડી ચમકી એ પેહડે માંડયાં પરિયાણ.

નતરે અંગુઠી અંગડામાં થાય ને માગસર મહીના માંય કંથ વિનાની કામની સુની ને મીઠડા મોળાં અન્ય તે ન ભાવે નાવલીયા વિના નિંદ્રા ન આવે, એમ કરતાં કરતાં રેણીજાય નતરે અંગીઠી અંગાડામાં થાય માગશર મહીના માંય.

પોષ મહીનાની પ્રીત છે દોયલી ને રેન શિઆળાની રાત કંથ વિનાની કામની વારીને જુરી જોબન જાય ઘણું જુરડાં જોબન જાય તે જહાંનાં સાંજ પડે ને પીઉ પીઉ કરતાં એમ પીયુડો ગયો છે માયા મેલી પોસ મહીનાની પ્રીત દોયલી.

મહા મહીનામાં માનવી નાથને, સોળે સજે શણગાર કાંબી કડલાને વીંછવા વાગે ને ઝાંઝરનો ઝમકાર ઝાંઝરનો ઝમકાર તે કહીએ અંધારી રાતને એકલી છીએ સર્વે સુંદરી મળી સરોવર જાય મહા મહીને વરત મનાવી જાય.

રૂડીરે રૂતુ વસંતની આવે ને ફુલ્યો ફાગણ માસ હોળી બળે હઇડાંમાં દાઝેને નારી મેલે નીશ્વાસ તે નારી ગયો ધસને હું રહીને હું રહીરે હારી અમ સર્વે સુંદરી મારે સંદેસો કાવે રૂડીરનો વસં-વસંતની આવે ફુલ્યો ફાગણ માસ.

સંતચાળ ચૈતર કહીએ તે વારે બપીઆ વેશ આવ્યા આં-બાને કોયલ ટહુકે તોય પીઉ પરદેશ હોય પીઉ પરદેશ કહીએ ના-ગણ તારો માવલો કહીએ એમ પાંખો તોય તો ઉડીને જઇએ સંતચાળા ચઇતરના કહીએ.

વઇશાખ મહીનાનાં વાદળાં હાલેને અંગડે ઉલટન થાય સાખ ગલેને સુંદરી જાગે જોબન દન જાય જોબન દન જાય તે જાયુતાં રવી આથમેને પીઉ પીઉ કરતાં સેજ કરતાં સાંજા ચાલે વઇ-શાખ મહીને વાદળાં હાલે.

આવ્યારે આંબાને જે જણાવેરે વચન પાંક્યારે વન કોયલ અપઈયા પીઉ પીઉ કરેને સઉ નામ લેરે સુજાણુ તે અરે ઓતરની વાદળી દખણુમાં પાણી ભરે એમ વાયા વાને મેં તો તોણાણો આવ્યા આંબાને જેઠ તો જણાવો.

અસાડ ધડુકી ઉલટી આવ્યાને વીજળી કરે ચમકાર કોયલ અપઈઆ પીઉ પીઉ કરેને મોરલા કરે ટઉકાર મોરલા કરે મલાર તે અંધારી રાત્રે એકલાં છીએ હજુએ નાથનો સંદેશો ન આવ્યો અસાડ ધડુકી ઉલટી.

શ્રાવણુ મહીને સુંદરી રૂવે નઈણે ટપકે નીર ટપક ટપક મેઉલો વરમેને ભીન્જાય નવરંગ ચીર, ભીંજાય નવરંગ ચીર તે મારા નાથ ગયાને અમને કર્યાં નખરાં એમ ઉંચી ચડીને વાટડી જુવે શ્રાવણુ મહીને સુંદરી રૂવે.

ભાદરવે મહીને અન્ન ભાવેરે સુખ નહીરે શરીર ઉચીરે ચડુ નીચી ઉતરૂ જોઉ પીયુની વાટ તેઓ વાદુ જોશીડો આવેને જોશ જોવરાવું કહે જોશી પીઉ કેદી આવે ભાદરવે.

આસો મહીને હરી નવં આયા તે ગરબા ગાયા કેમ જા શેવ સુવાળી લાવસી રાંધુને વાલા વીના નવ ખાઉ વાલા વીના ખા તે ખાર શરીર શોભાવું લાગે નહી સારૂ જો રહો પીયુ તો પ્યારા આશા મહીને હરી નવ આવ્યા.

અદેક માસે હરી ઘેર પધારીયા સુખ થયું શરીર સર્વે સખીશુ ભેળીને નવરી બની સઉ નાર તે નારી મેતા દામડીએ વાત ભણી સારી નાથ આવ્યા તે સઉ કામ સુધારીયા અધીક મહીને હરી ઘેર પધારીયાં.

સમાપ્ત.